ગ્રામ્યશાળાના

પહેલા બીજા ધોરણનો

મુખગણિત શિક્ષક.

રચનાર,

છગનલાલ મોતીરામ શાહ.

આસિ૦ માસ્તર મ્યુ૦ સ્કુલ ન ૧ લો.

ભાગાતળાવ-સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા૦ મગનલાલ મોતીરામ

શાહપોર-સુરત.

આવૃત્તિ ૧ લી, પ્રત ૧૦૦૦.

શા ખુ અ ના જૈન પ્રિન્ટિગ પ્રેસમા

મઢુભાઈ ભાઇદાસે છાપ્યુ, ખપાટીઆ ચકલા સુરત.

સંવત ૧૯૭૦, સને ૧૯૧૪.

કિંમત રૂ. ૦-૨-૬.

જાહેર ખબર.

"મુખગણિત શિક્ષક" માટે મળેલા

વાંચો. **અભિપ્રાયો** વાંચો.

તૈયાર છે **"મુખગણિત શિક્ષક"** તૈયાર છે

પ્રાથમિક શાળાના

પહેલા ધોરણનો રૂ. ૦-૧-૦, બીજા ધોરણનો રૂ ૦-૧-૩,
ત્રીજા ધોરણનો રૂ. ૦-૧-૬, ચોથા ધોરણનો રૂ. ૦-૨-૦

ગ્રામ્ય શાળાના

પહેલા બીજા ધોરણનો રૂ. ૦-૨-૬,
ત્રીજા ધોરણનો રૂ. ૦-૨-૦.

નમુનાની હરેક નકલ એકેક આનાની ટિકીટ બીડી મગાવી ખાત્રી કરો.

કમીશનમાં પુષ્કળ લાભ.

પાંચમા ધોરણનો

મુખગણિત શિક્ષક.

!! છપાય છે !!

પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો

શા૦ મગનલાલ મોતીરામ. શાહપોર-સુરત.

પ્રસ્તાવના

અત્યાર સુધીમા ફુલ પ્રાઇમરી (પૂરા અભ્યાસક્રમવાળી) છોકરાઓની નિશાળોના ધોરણો માટે 'મુખગણિત'નો વિષય શીખવવા માટે માર્ગદર્શક બુકો કેટલાકો તરફથી બહાર પડી ચૂકી છે, પરંતુ રૂરલ પ્રાઇમરી (ગ્રામ્યશાળા) માટે કોઇએ પણ એ વિષયની પૃથક બુક બહાર પડી નથી. માટે શિક્ષકોને ખાસ સૂચના કરવામા આવે છે કે ફુલ પ્રાઇમરીના ચોથા ધોરણ માટે રચાએલી અમારી "મુખગણિત શિક્ષક" બુક રૂરલ પ્રાઇમરીના ત્રીજા ધોરણને માટે ખાસ ઉપયોગી છે. જેથી હવે એ શાળાના પહેલા અને બીજા ધોરણ માટે આ બુક અમે બહાર પાડી છે

ગ્રામ્યશાળાના પહેલા બીજા ધોરણમા કેળવણી ખાતાએ મુખગણિતનો નીચે પ્રમાણે અભ્યાસક્રમ ઠરાવ્યો છે.

૧ લુ ધોરણ–"૧ લા વર્ષ માટે નક્કી કરેલા આંકને લગતા મુખગણિતના સવાલ" એટલે કે બાળવર્ગમા ચલાવેલુ તે–સખ્યા શિક્ષણ, ૧૦×૧૦ સુધીના આક, પાયા, અર્ધા, પોણા; ૧૦ સુધીની સંખ્યા મોએ ઉમેરવી તથા બાદ કરવી.

૨ જું ધોરણ–" પહેલા ૨ વર્ષ માટે નક્કી કરેલા આક તેમજ નાણાના કોષ્ટકોને લગતા દાખલા મોએ ગણવા" એટલે કે બાળવર્ગ ઉપરાત ૧ લા ધોરણમાં ચલાવેલુ તે–૩૦×૧૦ સુધીના આક, સવાયા, દોઢા, અઢીઆ, પૈસાભાર, શેર, અને મણ

ઉપરનો અભ્યાસક્રમ લક્ષમાં રાખી આ બુકમા અમે સખ્યા શિક્ષણથી માંડીને અનુક્રમે દરેક આક આપીને તેના વ્યવહારિક ઉપયોગના સપૂર્ણ પ્રશ્નો અને તે શીખવવાની રીતનુ સ્પષ્ટીકરણ કરેલું છે પ્રશ્નો વિવિધ પ્રકારના આપ્યા

છે, તે સઘળા તેમજ તેની શૈલીના નવીન રચીને શિક્ષકો જો શિષ્યો પાસે પગથીઆંવાર છોડાવશે તો બેશક ગ્રામ્ય બાળકોના હકમાં, અને કેળવણીખાતાએ એ વિષયના શિક્ષણ પરત્વે જે હેતુ રાખેલો છે તેમા, સાફલ્ય પ્રાપ્ત થશે.

આંકના કોઠા દેશી હિસાબોમા જે પદ્ધતિએ આપેલા હોય છે તેમ, ચાલુ પદ્ધતિએ આપ્યા ઉપરાંત અમે **જુદેજ ક્રમે આપ્યા** છે, તે જોઇ શિક્ષકો સહજ વિચારી શકશે કે એ **નવીન ક્રમ સ્વાભાવિક** છે છતા સમજ પૂર્વક તે ક્રમે શીખવ્યા પછી ચાલુ ક્રમે આંક બોલાવવાથી કઇ અડચણ જેવુ નથી, પણ ઉલટુ એ વિષેનુ જ્ઞાન દૃઢ થશે

જે જે આંકનો સંબધ જોડી શકાય તેનો અર્થાત્ અડધા ને પાયા, દોઢા ને પોણા, અઢીઆ ને સવાયાના આંકોના સબંધી પલાખાના કોઠા પણ સાથે સાથે આપ્યા છે, ઉપરાત **પાયાં અને અડધાં જેવાં અપૂર્ણાંક આંકનો પૂર્ણાંક આંકનાં પલાખાં સાથે સંબંધ જોડી બતાવ્યો છે.** તે પ્રમાણે શીખવવાથી આંકમા જે કચાસ માલમ પડે છે તે અવશ્ય દૂર થશે એવી આશા છે

શેરની અને મણની ધાનો અનેક પ્રકારે જુદા જુદા દૃષ્ટિ બિંદુથી આપવામા આવી છે, અને **ચલણી નાણાંની ધાત તથા તેનો ઉપયોગ વિવિધ પ્રકારે આપ્યો** છે છેવટે આખા વિષયના પુનરાવર્ત્તન રૂપ **પરચુરણ હિસાબોનું વિશાળ મનોયત્ન આપ્યું** છે. ટુંકમા એજ કે આ બુકમાં આપેલુ સઘળુ શિક્ષણ એમા દર્શાવેલી શૈલીએ શિક્ષકો ચલાવશે તો 'મુખગણિત' જેવો શુષ્ક અને નીરસ થઇ પડેલો વિષય રમુજી અને સુરસિક થશે એમ સ્પષ્ટ છે તા ૧૭-૬-૧૪

શાહપોર	}	લિ૦ સેવક,
સુરત	}	છગનલાલ મોતીરામ શાહ.

અર્પણ પત્રિકા.

દોહરો

ગુરૈતા ગુણ આચારમા, લાજે ગુંજ ગુલાબ,
બહેકતી પરિમલ સદા, દાતા સર્મ આફ્તાબ

સુગુણચંદ્ર શ્રેયસ્કર શ્રીમાન્માન્યવર્ય

વકીલ મહોદય—ગુલાબદાસ ભાઈદાસ

સૂર્યપૂર.

હાર્દિક અભિવંદન—

આપ ઉદારચિત્ત, રાજ્યભક્ત અને સ્વદેશ સુશિક્ષાના ઉત્કર્ષાભિલાષી મહાનુભાવની સેવામા આ નાનકડુ કિન્તુ બાલોપયોગી પુસ્તક અર્પણ કરતા કિંકરને આપના, દેશ અને પ્રજાહિતના કાર્યોમાં કટિબદ્ધતા, ગુર્જર બાલબાલિકાઓને સચ્છિક્ષા આપવાની સતત્ પ્રયત્નશીલતા, ગુર્જર સાહિત્યની વૃદ્ધિ કરવાની અસ્ખલિત ઉત્કંઠા, અને ઉગતા યોગ્ય લેખકોની કદર બુઝી ઉત્તેજન આપવાની ઉદારતા આદિ ઉત્તમ સદ્ગુણો તાદશ્ય ખડા થઇ સાથે સાથે સહજમા હૃદય પણ સમર્પિત થઇ જાય છે, તો તે ઉભયને સ્વીકારી કૃતકાર્ય કરશોજી **सुज्ञेषु किमाधिकम्** ।

આપનો આજન્મ ઋણી સેવક,

છગનલાલ મોતીરામ શાહ.

સંખ્યા શિક્ષણ.

મનોયત્ન ૧ લો.

૧) એકથી સો સુધી બોલો. એકથી સો સુધી ગણો.

૨) સોથી એક સુધી (અવળા) ઉતરતા બોલો.

૩) સો સુધીમાના એકી અંક બોલો

૪) સો સુધીમાના બેકી અંક બોલો

૫) એકમા બબ્બે ઉમેરતા ૯૯ સુધી બોલી જાઓ.

૬) બેમા બબ્બે ઉમેરતા ૧૦૦ સુધી બોલો

૭) સો સુધીમાના એકી અંક (અવળા) ઉતરતા બોલી જાઓ

૮) સો સુધીમાના બેકી અંક ઉતરતા (અવળા) બોલો

૯) ૫૧, ૬૭ ૧૯, ૪૫, ૭૨, ૮૩, ૨૮, ૮૬ અને ૭૬ મા ૯ ઉમેરીએ તો કેટલા થાય?

૧૦) ૭૭, ૮૪, ૨૮, ૮૩, ૭૨, ૪૫ અને ૩૯ માથી ૮ જાય તો કેટલા રહે?

૧૧) ૫૬+૭, ૫૭+૭, ૬૯+૪, ૮૧+૮, ૯૫+૫ કેટલા?

૧૨) ૪૪+૬, ૫૨+૮, ૬૬+૪, ૮૮+૮, ૩૦+૭ કેટલા?

૧૩) ૫૩-૮, ૫૭-૬, ૬૯-૮, ૩૦-૩ કેટલા?

૧૪) ૪૪-૯, ૫૨-૭, ૬૬-૮, ૩૦-૫ કેટલા?

૧૫) એક આંકડાની મોટામા મોટી સંખ્યા કહો નાનામા નાની કહો

૧૬) એક દશક, ત્રણ દશક, પાંચ દશક, આઠ દશક, અને નવ દશકના એકમ કેટલા?

૧૭) ૨૯ એ ૨૦ થી કેટલા વધારે

૧૮) ઓગણચાળીસ, ઓગણપચાસ, અગણોતેર, ઓગણસાઠ અને નેવ્યાસી લખો

૧૯) ૫૪ માં પાંચડો શાને માટે છે? ૪૫ માં પાંચડો શાને માટે છે?

૨૦) આઠ દશક ને નવ એકમ તે કેટલા? પચોતેર લખો. પોણુસો લખો.

૨૧) ૮૯, ૭૯, ૪૮, ૩૯, ૨૯, ૬૯ એમાં દશક કેટલા છે તે કહો. પુરા દશક કરવાને ઓછામાં ઓછા કેટલા ઉમેરવા.

૨૨) ૭૬, ૮૫, ૯૨, ૭૯, ૩૭ એમા દશક કેટલા ને એકમ કેટલા? દશકની જગાએ એકમ અને એકમની જગાએ દશક લખીએ તો કેટલા વધાય?

૨૩) ૯૧ માં ૮ નાખીએ તો કેટલા થાય? ૭૫ ને ૮ કેટલા? ૨૩ ને ૪ કેટલા?

૨૪) ૮૪ મા ૭, ૫, ૩ અને ૯ ઉમેરીએ તો કેટલા થાય?

૨૫) ૬૬ માથી ૯, ૮, ૫, ૩ અને ૧૦ બાદ કરીએ તો કેટલા રહે?

૨૬) મારી પાસે ચાર પૈસા હતા તે ખરચી નાખ્યા તો શુ રહ્યુ? શૂન્ય એટલે શુ?

૨૭) મે પાચ બોર લીધા પણ તેમાથી એક પણ ખાધુ નહિ ત્યારે કેટલા રહ્યા?

૨૮) બે આકડાની નાનામા નાની ને મોટામા મોટી સંખ્યા કહો

૨૯) ૭ દશકને ૫ એકમ, ૪ દશકને ૯ એકમ તે કેટલા?

૩૦) દશ પૈસાની દશ કોથળી છે તો બધુ મળી કેટલા પૈસા હશે?

૩૧) સોમા એકડો શને માટે છે?

૩૨) ૯૮ માથી ૯ જાય તો કેટલા રહે?

૩૩) સાત દશકને નવ છુટા છે તે કેટલા કહેવાય?

૩૪) ૭૩, ૮૫, ૯૧, ૩૫ એમા સાત ઉમેરીએ તો કેટલા થાય?

૩૫) ૮૫, ૭૧, ૨૫ ૬૫ એમાથી ૬ બાદ કરીએ તો કેટલા રહે અને ૯ બાદ કરીએ તો કેટલા રહે?

૧ × ૧ = ૧	૧ × ૨ = ૨	૧ × ૩ = ૩
૨ ૧ ૨	૨ ૨ ૪	૨ ૩ ૬
૩ ૧ ૩	૩ ૨ ૬	૩ ૩ ૯
૪ ૧ ૪	૪ ૨ ૮	૪ ૩ ૧૨
૫ ૧ ૫	૫ ૨ ૧૦	૫ ૩ ૧૫
૬ ૧ ૬	૬ ૨ ૧૨	૬ ૩ ૧૮
૭ ૧ ૭	૭ ૨ ૧૪	૭ ૩ ૨૧
૮ ૧ ૮	૮ ૨ ૧૬	૮ ૩ ૨૪
૯ ૧ ૯	૯ ૨ ૧૮	૯ ૩ ૨૭
૧૦ ૧ ૧૦	૧૦ ૨ ૨૦	૧૦ ૩ ૩૦
૧૧ × ૧ = ૧૧	૧૧ × ૨ = ૨૨	૧૧ × ૩ = ૩૩
૧૨ ૧ ૧૨	૧૨ ૨ ૨૪	૧૨ ૩ ૩૬
૧૩ ૧ ૧૩	૧૩ ૨ ૨૬	૧૩ ૩ ૩૯
૧૪ ૧ ૧૪	૧૪ ૨ ૨૮	૧૪ ૩ ૪૨
૧૫ ૧ ૧૫	૧૫ ૨ ૩૦	૧૫ ૩ ૪૫
૧૬ ૧ ૧૬	૧૬ ૨ ૩૨	૧૬ ૩ ૪૮
૧૭ ૧ ૧૭	૧૭ ૨ ૩૪	૧૭ ૩ ૫૧
૧૮ ૧ ૧૮	૧૮ ૨ ૩૬	૧૮ ૩ ૫૪
૧૯ ૧ ૧૯	૧૯ ૨ ૩૮	૧૯ ૩ ૫૭
૨૦ ૧ ૨૦	૨૦ ૨ ૪૦	૨૦ ૩ ૬૦
૨૧ × ૧ = ૨૧	૨૧ × ૨ = ૪૨	૨૧ × ૩ = ૬૩
૨૨ ૧ ૨૨	૨૨ ૨ ૪૪	૨૨ ૩ ૬૬
૨૩ ૧ ૨૩	૨૩ ૨ ૪૬	૨૩ ૩ ૬૯
૨૪ ૧ ૨૪	૨૪ ૨ ૪૮	૨૪ ૩ ૭૨
૨૫ ૧ ૨૫	૨૫ ૨ ૫૦	૨૫ ૩ ૭૫
૨૬ ૧ ૨૬	૨૬ ૨ ૫૨	૨૬ ૩ ૭૮
૨૭ ૧ ૨૭	૨૭ ૨ ૫૪	૨૭ ૩ ૮૧
૨૮ ૧ ૨૮	૨૮ ૨ ૫૬	૨૮ ૩ ૮૪
૨૯ ૧ ૨૯	૨૯ ૨ ૫૮	૨૯ ૩ ૮૭
૩૦ ૧ ૩૦	૩૦ ૨ ૬૦	૩૦ ૩ ૯૦

૧ ×	૪ =	૪	૧ ×	૫ =	૫	૧ ×	૬ =	૬
૨	૪	૮	૨	૫	૧૦	૨	૬	૧૨
૩	૪	૧૨	૩	૫	૧૫	૩	૬	૧૮
૪	૪	૧૬	૪	૫	૨૦	૪	૬	૨૪
૫	૪	૨૦	૫	૫	૨૫	૫	૬	૩૦
૬	૪	૨૪	૬	૫	૩૦	૬	૬	૩૬
૭	૪	૨૮	૭	૫	૩૫	૭	૬	૪૨
૮	૪	૩૨	૮	૫	૪૦	૮	૬	૪૮
૯	૪	૩૬	૯	૫	૪૫	૯	૬	૫૪
૧૦	૪	૪૦	૧૦	૫	૫૦	૧૦	૬	૬૦
૧૧ ×	૪ =	૪૪	૧૧ ×	૫ =	૫૫	૧૧ ×	૬ =	૬૬
૧૨	૪	૪૮	૧૨	૫	૬૦	૧૨	૬	૭૨
૧૩	૪	૫૨	૧૩	૫	૬૫	૧૩	૬	૭૮
૧૪	૪	૫૬	૧૪	૫	૭૦	૧૪	૬	૮૪
૧૫	૪	૬૦	૧૫	૫	૭૫	૧૫	૬	૯૦
૧૬	૪	૬૪	૧૬	૫	૮૦	૧૬	૬	૯૬
૧૭	૪	૬૮	૧૭	૫	૮૫	૧૭	૬	૧૦૨
૧૮	૪	૭૨	૧૮	૫	૯૦	૧૮	૬	૧૦૮
૧૯	૪	૭૬	૧૯	૫	૯૫	૧૯	૬	૧૧૪
૨૦	૪	૮૦	૨૦	૫	૧૦૦	૨૦	૬	૧૨૦
૨૧ ×	૪ =	૮૪	૨૧ ×	૫ =	૧૦૫	૨૧ ×	૬ =	૧૨૬
૨૨	૪	૮૮	૨૨	૫	૧૧૦	૨૨	૬	૧૩૨
૨૩	૪	૯૨	૨૩	૫	૧૧૫	૨૩	૬	૧૩૮
૨૪	૪	૯૬	૨૪	૫	૧૨૦	૨૪	૬	૧૪૪
૨૫	૪	૧૦૦	૨૫	૫	૧૨૫	૨૫	૬	૧૫૦
૨૬	૪	૧૦૪	૨૬	૫	૧૩૦	૨૬	૬	૧૫૬
૨૭	૪	૧૦૮	૨૭	૫	૧૩૫	૨૭	૬	૧૬૨
૨૮	૪	૧૧૨	૨૮	૫	૧૪૦	૨૮	૬	૧૬૮
૨૯	૪	૧૧૬	૨૯	૫	૧૪૫	૨૯	૬	૧૭૪
૩૦	૪	૧૨૦	૩૦	૫	૧૫૦	૩૦	૬	૧૮૦

૧ ×	૭ =	૭	૧ ×	૮ =	૮	૧ ×	૯ =	૯
૨	૭	૧૪	૨	૮	૧૬	૨	૯	૧૮
૩	૭	૨૧	૩	૮	૨૪	૩	૯	૨૭
૪	૭	૨૮	૪	૮	૩૨	૪	૯	૩૬
૫	૭	૩૫	૫	૮	૪૦	૫	૯	૪૫
૬	૭	૪૨	૬	૮	૪૮	૬	૯	૫૪
૭	૭	૪૯	૭	૮	૫૬	૭	૯	૬૩
૮	૭	૫૬	૮	૮	૬૪	૮	૯	૭૨
૯	૭	૬૩	૯	૮	૭૨	૯	૯	૮૧
૧૦	૭	૭૦	૧૦	૮	૮૦	૧૦	૯	૯૦
૧૧ ×	૭ =	૭૭	૧૧ ×	૮ =	૮૮	૧૧ ×	૯ =	૯૯
૧૨	૭	૮૪	૧૨	૮	૯૬	૧૨	૯	૧૦૮
૧૩	૭	૯૧	૧૩	૮	૧૦૪	૧૩	૯	૧૧૭
૧૪	૭	૯૮	૧૪	૮	૧૧૨	૧૪	૯	૧૨૬
૧૫	૭	૧૦૫	૧૫	૮	૧૨૦	૧૫	૯	૧૩૫
૧૬	૭	૧૧૨	૧૬	૮	૧૨૮	૧૬	૯	૧૪૪
૧૭	૭	૧૧૯	૧૭	૮	૧૩૬	૧૭	૯	૧૫૩
૧૮	૭	૧૨૬	૧૮	૮	૧૪૪	૧૮	૯	૧૬૨
૧૯	૭	૧૩૩	૧૯	૮	૧૫૨	૧૯	૯	૧૭૧
૨૦	૭	૧૪૦	૨૦	૮	૧૬૦	૨૦	૯	૧૮૦
૨૧ ×	૭ =	૧૪૭	૨૧ ×	૮ =	૧૬૮	૨૧ ×	૯ =	૧૮૯
૨૨	૭	૧૫૪	૨૨	૮	૧૭૬	૨૨	૯	૧૯૮
૨૩	૭	૧૬૧	૨૩	૮	૧૮૪	૨૩	૯	૨૦૭
૨૪	૭	૧૬૮	૨૪	૮	૧૯૨	૨૪	૯	૨૧૬
૨૫	૭	૧૭૫	૨૫	૮	૨૦૦	૨૫	૯	૨૨૫
૨૬	૭	૧૮૨	૨૬	૮	૨૦૮	૨૬	૯	૨૩૪
૨૭	૭	૧૮૯	૨૭	૮	૨૧૬	૨૭	૯	૨૪૩
૨૮	૭	૧૯૬	૨૮	૮	૨૨૪	૨૮	૯	૨૫૨
૨૯	૭	૨૦૩	૨૯	૮	૨૩૨	૨૯	૯	૨૬૧
૩૦	૭	૨૧૦	૩૦	૮	૨૪૦	૩૦	૯	૨૭૦

૧ ×	૧૦ =	૧૦
૨	૧૦	૨૦
૩	૧૦	૩૦
૪	૧૦	૪૦
૫	૧૦	૫૦
૬	૧૦	૬૦
૭	૧૦	૭૦
૮	૧૦	૮૦
૯	૧૦	૯૦
૧૦	૧૦	૧૦૦
૧૧ ×	૧૦ =	૧૧૦
૧૨	૧૦	૧૨૦
૧૩	૧૦	૧૩૦
૧૪	૧૦	૧૪૦
૧૫	૧૦	૧૫૦
૧૬	૧૦	૧૬૦
૧૭	૧૦	૧૭૦
૧૮	૧૦	૧૮૦
૧૯	૧૦	૧૯૦
૨૦	૧૦	૨૦૦
૨૧ ×	૧૦ =	૨૧૦
૨૨	૧૦	૨૨૦
૨૩	૧૦	૨૩૦
૨૪	૧૦	૨૪૦
૨૫	૧૦	૨૫૦
૨૬	૧૦	૨૬૦
૨૭	૧૦	૨૭૦
૨૮	૧૦	૨૮૦
૨૯	૧૦	૨૯૦
૩૦	૧૦	૩૦૦

સૂચના—જેટલી વાર એક લઇએ તેટલા આવે એ પ્રત્યક્ષ વસ્તુઓથી સમજાવવુ, અને પછી એકની પલાખી તેમની પાસે ઉપજાવી કઢાવવી જેમકે ૧ એક વખત લઇએ તો એક થાય ૨ એક વખત લઇએ તો બે થાય

બેની પલાખી બબ્બે ઉમેરાવી, ત્રણની પલાખી ત્રણ ત્રણ ઉમેરાવી છોકરાઓ પાસે ઉપજાવી કઢાવવી એજ મુજબ ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ની પલાખીઓ ઉપજાવી કઢાવવી

૧૦ની પલાખી દશાકની પરોવેલી હારો (શેરો)થી ઉપજાવી કઢવવી

પલાખી સવળી તથા અવળી પણ મોઢે કરાવવી જેથી ૮+૨, ૧૮+૨, ૬૬+૨, ૧૮+૩ ૨૯+૩, ૮+૯, ૧૮+૯ ૪૫+૯, વગેરે આકના સબંધના સરવાળા, બાદબાકી મોઢે સ્હેલાઇથી કહી શકશે જેમકે ૩૬+૯ છત્રીસમાં ૪ વખત નવ છે એમાં ૧ વાર નવ ઉમેરવાથી પાચ વાર નવ એટલે ૪૫ થયા છે. ૪૨-૭ બેતાળીસમા ૬ વાર સાત છે તેમાથી ૧ વાર સાત બાદ કરવાથી ૫ વાર સાત રહેશે એટલે ૩૫ જવાબ

ગુણાકારનો કોઠો. (એકથી દશ સુધી ગુણવાનો.)

૧ × ૧ = ૧	૨ × ૧ = ૨	૩ × ૧ = ૩	૪ × ૧ = ૪
૧ ૨ ૨	૨ ૨ ૪	૩ ૨ ૬	૪ ૨ ૮
૧ ૩ ૩	૨ ૩ ૬	૩ ૩ ૯	૪ ૩ ૧૨
૧ ૪ ૪	૨ ૪ ૮	૩ ૪ ૧૨	૪ ૪ ૧૬
૧ ૫ ૫	૨ ૫ ૧૦	૩ ૫ ૧૫	૪ ૫ ૨૦
૧ ૬ ૬	૨ ૬ ૧૨	૩ ૬ ૧૮	૪ ૬ ૨૪
૧ ૭ ૭	૨ ૭ ૧૪	૩ ૭ ૨૧	૪ ૭ ૨૮
૧ ૮ ૮	૨ ૮ ૧૬	૩ ૮ ૨૪	૪ ૮ ૩૨
૧ ૯ ૯	૨ ૯ ૧૮	૩ ૯ ૨૭	૪ ૯ ૩૬
૧ ૧૦ ૧૦	૨ ૧૦ ૨૦	૩ ૧૦ ૩૦	૪ ૧૦ ૪૦

૫ × ૧ = ૫	૬ × ૧ = ૬	૭ × ૧ = ૭
૫ ૨ ૧૦	૬ ૨ ૧૨	૭ ૨ ૧૪
૫ ૩ ૧૫	૬ ૩ ૧૮	૭ ૩ ૨૧
૫ ૪ ૨૦	૬ ૪ ૨૪	૭ ૪ ૨૮
૫ ૫ ૨૫	૬ ૫ ૩૦	૭ ૫ ૩૫
૫ ૬ ૩૦	૬ ૬ ૩૬	૭ ૬ ૪૨
૫ ૭ ૩૫	૬ ૭ ૪૨	૭ ૭ ૪૯
૫ ૮ ૪૦	૬ ૮ ૪૮	૭ ૮ ૫૬
૫ ૯ ૪૫	૬ ૯ ૫૪	૭ ૯ ૬૩
૫ ૧૦ ૫૦	૬ ૧૦ ૬૦	૭ ૧૦ ૭૦

૮ × ૧ = ૮	૯ × ૧ = ૯	૧૦ × ૧ = ૧૦
૮ ૨ ૧૬	૯ ૨ ૧૮	૧૦ ૨ ૨૦
૮ ૩ ૨૪	૯ ૩ ૨૭	૧૦ ૩ ૩૦
૮ ૪ ૩૨	૯ ૪ ૩૬	૧૦ ૪ ૪૦
૮ ૫ ૪૦	૯ ૫ ૪૫	૧૦ ૫ ૫૦
૮ ૬ ૪૮	૯ ૬ ૫૪	૧૦ ૬ ૬૦
૮ ૭ ૫૬	૯ ૭ ૬૩	૧૦ ૭ ૭૦
૮ ૮ ૬૪	૯ ૮ ૭૨	૧૦ ૮ ૮૦
૮ ૯ ૭૨	૯ ૯ ૮૧	૧૦ ૯ ૯૦
૮ ૧૦ ૮૦	૯ ૧૦ ૯૦	૧૦ ૧૦ ૧૦૦

અગિઆરાથી વીસા.

૧૧ ×	૧=	૧૧	૧૨ ×	૧=	૧૨	૧૩ ×	૧=	૧૩	૧૪ ×	૧=	૧૪
૧૧	૨	૨૨	૧૨	૨	૨૪	૧૩	૨	૨૬	૧૪	૨	૨૮
૧૧	૩	૩૩	૧૨	૩	૩૬	૧૩	૩	૩૯	૧૪	૩	૪૨
૧૧	૪	૪૪	૧૨	૪	૪૮	૧૩	૪	૫૨	૧૪	૪	૫૬
૧૧	૫	૫૫	૧૨	૫	૬૦	૧૩	૫	૬૫	૧૪	૫	૭૦
૧૧	૬	૬૬	૧૨	૬	૭૨	૧૩	૬	૭૮	૧૪	૬	૮૪
૧૧	૭	૭૭	૧૨	૭	૮૪	૧૩	૭	૯૧	૧૪	૭	૯૮
૧૧	૮	૮૮	૧૨	૮	૯૬	૧૩	૮	૧૦૪	૧૪	૮	૧૧૨
૧૧	૯	૯૯	૧૨	૯	૧૦૮	૧૩	૯	૧૧૭	૧૪	૯	૧૨૬
૧૧	૧૦	૧૧૦	૧૨	૧૦	૧૨૦	૧૩	૧૦	૧૩૦	૧૪	૧૦	૧૪૦

૧૫×	૧=	૧૫	૧૬×	૧=	૧૬	૧૭×	૧=	૧૭
૧૫	૨	૩૦	૧૬	૨	૩૨	૧૭	૨	૩૪
૧૫	૩	૪૫	૧૬	૩	૪૮	૧૭	૩	૫૧
૧૫	૪	૬૦	૧૬	૪	૬૪	૧૭	૪	૬૮
૧૫	૫	૭૫	૧૬	૫	૮૦	૧૭	૫	૮૫
૧૫	૬	૯૦	૧૬	૬	૯૬	૧૭	૬	૧૦૨
૧૫	૭	૧૦૫	૧૬	૭	૧૧૨	૧૭	૭	૧૧૯
૧૫	૮	૧૨૦	૧૬	૮	૧૨૮	૧૭	૮	૧૩૬
૧૫	૯	૧૩૫	૧૬	૯	૧૪૪	૧૭	૯	૧૫૩
૧૫	૧૦	૧૫૦	૧૬	૧૦	૧૬૦	૧૭	૧૦	૧૭૦
૧૮×	૧=	૧૮	૧૯×	૧=	૧૯	૨૦×	૧=	૨૦
૧૮	૨	૩૬	૧૯	૨	૩૮	૨૦	૨	૪૦
૧૮	૩	૫૪	૧૯	૩	૫૭	૨૦	૩	૬૦
૧૮	૪	૭૨	૧૯	૪	૭૬	૨૦	૪	૮૦
૧૮	૫	૯૦	૧૯	૫	૯૫	૨૦	૫	૧૦૦
૧૮	૬	૧૦૮	૧૯	૬	૧૧૪	૨૦	૬	૧૨૦
૧૮	૭	૧૨૬	૧૯	૭	૧૩૩	૨૦	૭	૧૪૦
૧૮	૮	૧૪૪	૧૯	૮	૧૫૨	૨૦	૮	૧૬૦
૧૮	૯	૧૬૨	૧૯	૯	૧૭૧	૨૦	૯	૧૮૦
૧૮	૧૦	૧૮૦	૧૯	૧૦	૧૯૦	૨૦	૧૦	૨૦૦

એકવીસાથી ત્રીસા.

૨૧ × ૧= ૨૧	૨૨ × ૧= ૨૨	૨૩ × ૧= ૨૩	૨૪ × ૧= ૨૪
૨૧ ૨ ૪૨	૨૨ ૨ ૪૪	૨૩ ૨ ૪૬	૨૪ ૨ ૪૮
૨૧ ૩ ૬૩	૨૨ ૩ ૬૬	૨૩ ૩ ૬૯	૨૪ ૩ ૭૨
૨૧ ૪ ૮૪	૨૨ ૪ ૮૮	૨૩ ૪ ૯૨	૨૪ ૪ ૯૬
૨૧ ૫ ૧૦૫	૨૨ ૫ ૧૧૦	૨૩ ૫ ૧૧૫	૨૪ ૫ ૧૨૦
૨૧ ૬ ૧૨૬	૨૨ ૬ ૧૩૨	૨૩ ૬ ૧૩૮	૨૪ ૬ ૧૪૪
૨૧ ૭ ૧૪૭	૨૨ ૭ ૧૫૪	૨૩ ૭ ૧૬૧	૨૪ ૭ ૧૬૮
૨૧ ૮ ૧૬૮	૨૨ ૮ ૧૭૬	૨૩ ૮ ૧૮૪	૨૪ ૮ ૧૯૨
૨૧ ૯ ૧૮૯	૨૨ ૯ ૧૯૮	૨૩ ૯ ૨૦૭	૨૪ ૯ ૨૧૬
૨૧ ૧૦ ૨૧૦	૨૨ ૧૦ ૨૨૦	૨૩ ૧૦ ૨૩૦	૨૪ ૧૦ ૨૪૦

૨૫× ૧= ૨૫	૨૬× ૧= ૨૬	૨૭× ૧= ૨૭
૨૫ ૨ ૫૦	૨૬ ૨ ૫૨	૨૭ ૨ ૫૪
૨૫ ૩ ૭૫	૨૬ ૩ ૭૮	૨૭ ૩ ૮૧
૨૫ ૪ ૧૦૦	૨૬ ૪ ૧૦૪	૨૭ ૪ ૧૦૮
૨૫ ૫ ૧૨૫	૨૬ ૫ ૧૩૦	૨૭ ૫ ૧૩૫
૨૫ ૬ ૧૫૦	૨૬ ૬ ૧૫૬	૨૭ ૬ ૧૬૨
૨૫ ૭ ૧૭૫	૨૬ ૭ ૧૮૨	૨૭ ૭ ૧૮૯
૨૫ ૮ ૨૦૦	૨૬ ૮ ૨૦૮	૨૭ ૮ ૨૧૬
૨૫ ૯ ૨૨૫	૨૬ ૯ ૨૩૪	૨૭ ૯ ૨૪૩
૨૫ ૧૦ ૨૫૦	૨૬ ૧૦ ૨૬૦	૨૭ ૧૦ ૨૭૦

૨૮× ૧= ૨૮	૨૯× ૧= ૨૯	૩૦× ૧= ૩૦
૨૮ ૨ ૫૬	૨૯ ૨ ૫૮	૩૦ ૨ ૬૦
૨૮ ૩ ૮૪	૨૯ ૩ ૮૭	૩૦ ૩ ૯૦
૨૮ ૪ ૧૧૨	૨૯ ૪ ૧૧૬	૩૦ ૪ ૧૨૦
૨૮ ૫ ૧૪૦	૨૯ ૫ ૧૪૫	૩૦ ૫ ૧૫૦
૨૮ ૬ ૧૬૮	૨૯ ૬ ૧૭૪	૩૦ ૬ ૧૮૦
૨૮ ૭ ૧૯૬	૨૯ ૭ ૨૦૩	૩૦ ૭ ૨૧૦
૨૮ ૮ ૨૨૪	૨૯ ૮ ૨૩૨	૩૦ ૮ ૨૪૦
૨૮ ૯ ૨૫૨	૨૯ ૯ ૨૬૧	૩૦ ૯ ૨૭૦
૨૮ ૧૦ ૨૮૦	૨૯ ૧૦ ૨૯૦	૩૦ ૧૦ ૩૦૦

સૂચના—અગિરાઆના કોઠામા અગિઆર, બારાના કોઠામા બાર એ મુજબ આકની મદદથી મોઢે શી રીતે ઉમેરી, બાદ કરી, ગુણી અથવા ભાગી શકાય તે સમજાવવુ. જેમકે ૮૮+૧૧. ૮૮ મા ૧૧ આઠ વખત છે અને ૧ વાર ૧૧ ઉમેરવાથી ૮+૧=૯ વાર ૧૧ એટલે ૯૯ થાય ૯૮-૧૪ ૯૮ મા ૧૪ સાતવાર છ તેમાથી ૧ વાર ૧૪ બાદ કરતા ૭-૧=૬ વાર ૧૪ રહે એટલે ૮૪ ૧૬×૭=સોળ ૭ વાર લઈએ તો ૧૧૨ જવાબ ૧૨૬_૧૪ એકસો છવીસમા ૧૪ નવ વાર છે માટે ૯ જવાબ ૧૨૬-૯=એકસો છવીસમા ૯ ચૌદ વાર છે માટે ૧૪ જવાબ.

આક સવળા તથા અવળા પણ મોઢે કરાવવા

આ સૂચનાઓ દરેક આકને લાગુ પાડવી, અને આકના સબધના સરવાળા બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનો મહાવરો કરવો

અડધો, પા અને પોણાની સમજ.

શિક્ષકે હાથમા એક જમરૂખ લઇ પૂછવુ આ શુ છે? જ. જમરૂખ કેટલા છે? જ એક આ એક જમરૂખના હુ સરખા ભાગ કરૂ છુ આ કેટલા થયા? જ બે એક કકડો હાથમા લઇ પૂછવુ આ કેટલુ જમરૂખ છે? જ અડધુ. એક આખાના આ કેટલા અડધા થયા? જ બે આ બે અડધા ભેગા કરીએ તો કેટલા થાય? જ ૧ એકના અડધા કરીએ તો કેટલા થાય? જ બે

જુઓ આ બે અડધાના પાછા બબ્બે સરખા ભાગ કરૂં છુ આ કેટલા ભાગ થયા? જ ચાર ત્યારે આ એક કકડો એ આખા જમરૂખનો કેટલામો ભાગ? જ ચોથો એ ચોથા ભાગનુ નામ તમને આવડે છે? જ નહિ એ ચોથા ભાગનુ નામ પા છે શું છે? જ. પા. ત્યારે એક જમરૂખના કેટલા પા થયા? જ ચાર એક અડધાના કેટલા પા થયા? જ બે. આ બે પા એકઠા કરૂં તો કેટલુ જમરૂખ થાય? જ અડધુ. આ ત્રણ પા ભેગા કરૂ તો? જ નહિ એને પોણુ (એકમા

પા ઊણું એટલે ઓછું) કહે છે. કેટલા પા ભેગા કરીએ તો પોણું થાય ? જ ત્રણ. પોણું એ એક કરતાં કેટલું ઓછું ? જ. પા. આ પા પણ એમા મેળવુ તો કેટલુ થાય ? જ. એક આખું. ત્યારે કેટલા પા મળીને એક થાય ? જ ચાર પા કેટલાં અડધાં મળીને એક થાય ? જ બે

અડધું એ એકનો કેટલામો ભાગ ? જ બીજો પા એ કેટલામો ભાગ ? જ. ચોથો પા એ અડધાનો કેટલામો ભાગ ? જ બીજો. પા એ પોણાનો કેટલામો ભાગ ? જ. ત્રીજો એકના બીજા ભાગનુ નામ શુ ? જ અડધો એકના ચોથા ભાગનુ નામ શુ ? જ પા ત્રણ પા એકઠા કરીએ તેનું નામ શુ ? જ પોણો ચાર પા ભેગા કરીએ તેનું નામ શું ? જ. એક આખુ બે અડધા ભેગા કરીએ તેનુ નામ શુ ? જ એક આખુ એક ને ઉપર પા લઈએ તો સવા (૧।) (સ+પા=।। સહીત) થાય એક અને બે પા (અડધો) લઇએ તો દોઢ (૧।।) થાય એકને ત્રણ પા (પોણો) લઇએ તો પોણા બે (બેમા પા ઓછો) (૧।।।) થય એકને ઉપર ચાર પા (એક આખો અથવા બે અડધા) લઇએ તો બે થાય એજ મુજબ બે ને પા સવા બે (૨।) બે ને અડધો અઢી (૨।।) બેને પોણો પોણા ત્રણ (૨।।।) થાય

૦ાને માટે એક પાણ, અડધાને માટે બે પાણુ અને પેણાને માટે ત્રણ પાણ લખાય છે

સોના અંદરની સખ્યા ઉપર એક પાણુ હોય તો પહેલા સવા બોલી પછી તે સખ્યા બોલવી તેમજ બે પાણુ હોય તો પહેલા સાડી કે સાડા બોલી પછી તે સખ્યા બોલવી. પણ જો ત્રણ પાણુ હોય તો પહેલા પોણા કે પોણી બોલી જે સંખ્યા લખેલી હોય તેની પછીની સખ્યા બોલવી. લખવામાં જે સખ્યા બોલાય તેની પહેલાની સખ્યા લખી પછી ત્રણ પાણુ લખવી

૧૦૦ ઉપરની સખ્યામા એક પાણુ હોય તો સો પહેલાં બોલવા પછી સોની અંદરની સંખ્યા માટે બોલીએ છીએ તેમ બોલવું જેમકે ૨૧૫। બસો સવા પંદર. ૧૦૨।। એકસો અઢી, ૩૧૫।।। ત્રણસો પોણા સોળ.

એકડે એકથી ૫૦ સુધીની દુની પલાખી અને સો સુધીમાં બેકીની પલાખીના અડધા.

૧	×૨=	૨	૨	×૦॥=	૧	૧૧	×૨=	૨૨	૨૨	×૦॥=	૧૧
૨	૨	૪	૪	૦॥	૨	૧૨	૨	૨૪	૨૪	૦॥	૧૨
૩	૨	૬	૬	૦॥	૩	૧૩	૨	૨૬	૨૬	૦॥	૧૩
૪	૨	૮	૮	૦॥	૪	૧૪	૨	૨૮	૨૮	૦॥	૧૪
૫	૨	૧૦	૧૦	૦॥	૫	૧૫	૨	૩૦	૩૦	૦॥	૧૫
૬	૨	૧૨	૧૨	૦॥	૬	૧૬	૨	૩૨	૩૨	૦॥	૧૬
૭	૨	૧૪	૧૪	૦॥	૭	૧૭	૨	૩૪	૩૪	૦॥	૧૭
૮	૨	૧૬	૧૬	૦॥	૮	૧૮	૨	૩૬	૩૬	૦॥	૧૮
૯	૨	૧૮	૧૮	૦॥	૯	૧૯	૨	૩૮	૩૮	૦॥	૧૯
૧૦	૨	૨૦	૨૦	૦॥	૧૦	૨૦	૨	૪૦	૪૦	૦॥	૨૦
૨૧	×૨=	૪૨	૪૨	×૦॥=	૨૧	૩૧	×૨=	૬૨	૬૨	×૦॥=	૩૧
૨૨	૨	૪૪	૪૪	૦॥	૨૨	૩૨	૨	૬૪	૬૪	૦॥	૩૨
૨૩	૨	૪૬	૪૬	૦॥	૨૩	૩૩	૨	૬૬	૬૬	૦॥	૩૩
૨૪	૨	૪૮	૪૮	૦॥	૨૪	૩૪	૨	૬૮	૬૮	૦॥	૩૪
૨૫	૨	૫૦	૫૦	૦॥	૨૫	૩૫	૨	૭૦	૭૦	૦॥	૩૫
૨૬	૨	૫૨	૫૨	૦॥	૨૬	૩૬	૨	૭૨	૭૨	૦॥	૩૬
૨૭	૨	૫૪	૫૪	૦॥	૨૭	૩૭	૨	૭૪	૭૪	૦॥	૩૭
૨૮	૨	૫૬	૫૬	૦॥	૨૮	૩૮	૨	૭૬	૭૬	૦॥	૩૮
૨૯	૨	૫૮	૫૮	૦॥	૨૯	૩૯	૨	૭૮	૭૮	૦॥	૩૯
૩૦	૨	૬૦	૬૦	૦॥	૩૦	૪૦	૨	૮૦	૮૦	૦॥	૪૦
૪૧	×૨=	૮૨	૮૨	×૦॥=	૪૧	૫૦	×૨=	૧૦૦	૧૦૦	×૦॥=	૫૦
૪૨	૨	૮૪	૮૪	૦॥	૪૨	૧૦૦	૨	૨૦૦	૨૦૦	૦॥	૧૦૦
૪૩	૨	૮૬	૮૬	૦॥	૪૩	૧૫૦	૨	૩૦૦	૩૦૦	૦॥	૧૫૦
૪૪	૨	૮૮	૮૮	૦॥	૪૪	૨૦૦	૨	૪૦૦	૪૦૦	૦॥	૨૦૦
૪૫	૨	૯૦	૯૦	૦॥	૪૫	૨૫૦	૨	૫૦૦	૫૦૦	૦॥	૨૫૦
૪૬	૨	૯૨	૯૨	૦॥	૪૬	૩૦૦	૨	૬૦૦	૬૦૦	૦॥	૩૦૦
૪૭	૨	૯૪	૯૪	૦॥	૪૭	૩૫૦	૨	૭૦૦	૭૦૦	૦॥	૩૫૦
૪૮	૨	૯૬	૯૬	૦॥	૪૮	૪૦૦	૨	૮૦૦	૮૦૦	૦॥	૪૦૦
૪૯	૨	૯૮	૯૮	૦॥	૪૯	૪૫૦	૨	૯૦૦	૯૦૦	૦॥	૪૫૦
૫૦	૨	૧૦૦	૧૦૦	૦॥	૫૦	૫૦૦	૨	૧૦૦૦	૧૦૦૦	૦॥	૫૦૦

અડધા.

૧×	૦॥=	૦॥	૧૧×	૦॥=	૫॥	૨૧×	૦॥=	૧૦॥	૩૧×	૦॥=	૧૫॥
૨	૦॥	૧	૧૨	૦॥	૬	૨૨	૦॥	૧૧	૩૨	૦॥	૧૬
૩	૦॥	૧॥	૧૩	૦॥	૬॥	૨૩	૦॥	૧૧॥	૩૩	૦॥	૧૬॥
૪	૦॥	૨	૧૪	૦॥	૭	૨૪	૦॥	૧૨	૩૪	૦॥	૧૭
૫	૦॥	૨॥	૧૫	૦॥	૭॥	૨૫	૦॥	૧૨॥	૩૫	૦॥	૧૭॥
૬	૦॥	૩	૧૬	૦॥	૮	૨૬	૦॥	૧૩	૩૬	૦॥	૧૮
૭	૦॥	૩॥	૧૭	૦॥	૮॥	૨૭	૦॥	૧૩॥	૩૭	૦॥	૧૮॥
૮	૦॥	૪	૧૮	૦॥	૯	૨૮	૦॥	૧૪	૩૮	૦॥	૧૯
૯	૦॥	૪॥	૧૯	૦॥	૯॥	૨૯	૦।	૧૪॥	૩૯	૦॥	૧૯॥
૧૦	૦॥	૫	૨૦	૦॥	૧૦	૩૦	૦॥	૧૫	૪૦	૦॥	૨૦
૪૧×	૦॥=	૨૦॥	૫૧×	૦॥=	૨૫॥	૬૧×	૦॥=	૩૦॥	૭૧	૦॥	૩૫॥
૪૨	૦॥	૨૧	૫૨	૦॥	૨૬	૬૨	૦॥	૩૧	૭૨	૦॥	૩૬
૪૩	૦॥	૨૧॥	૫૩	૦॥	૨૬॥	૬૩	૦॥	૩૧॥	૭૩	૦॥	૩૬॥
૪૪	૦॥	૨૨	૫૪	૦॥	૨૭	૬૪	૦॥	૩૨	૭૪	૦॥	૩૭
૪૫	૦॥	૨૨॥	૫૫	૦॥	૨૭॥	૬૫	૦॥	૩૨॥	૭૫	૦॥	૩૭॥
૪૬	૦॥	૨૩	૫૬	૦॥	૨૮	૬૬	૦॥	૩૩	૭૬	૦॥	૩૮
૪૭	૦॥	૨૩॥	૫૭	૦॥	૨૮॥	૬૭	૦॥	૩૩॥	૭૭	૦॥	૩૮॥
૪૮	૦॥	૨૪	૫૮	૦॥	૨૯	૬૮	૦॥	૩૪	૭૮	૦॥	૩૯
૪૯	૦॥	૨૪॥	૫૯	૦॥	૨૯॥	૬૯	૦॥	૩૪॥	૭૯	૦॥	૩૯॥
૫૦	૦॥	૨૫	૬૦	૦॥	૩૦	૭૦	૦॥	૩૫	૮૦	૦॥	૪૦

૮૧×	૦॥=	૪૦॥	૯૧×	૦॥=	૪૫॥	૧૦૦×	૦॥=	૫૦
૮૨	૦॥	૪૧	૯૨	૦॥	૪૬	૨૦૦	૦॥	૧૦૦
૮૩	૦॥	૪૧॥	૯૩	૦॥	૪૬॥	૩૦૦	૦॥	૧૫૦
૮૪	૦॥	૪૨	૯૪	૦॥	૪૭	૪૦૦	૦॥	૨૦૦
૮૫	૦॥	૪૨॥	૯૫	૦॥	૪૭॥	૫૦૦	૦॥	૨૫૦
૮૬	૦॥	૪૩	૯૬	૦॥	૪૮	૬૦૦	૦॥	૩૦૦
૮૭	૦॥	૪૩॥	૯૭	૦॥	૪૮॥	૭૦૦	૦॥	૩૫૦
૮૮	૦॥	૪૪	૯૮	૦॥	૪૯	૮૦૦	૦॥	૪૦૦
૮૯	૦॥	૪૪॥	૯૯	૦॥	૪૯॥	૯૦૦	૦॥	૪૫૦
૯૦	૦॥	૪૫	૧૦૦	૦॥	૫૦	૧૦૦૦	૦॥	૫૦૦

દોઢાં.

૧×૧॥	=	૧॥	૧૧×૧॥	=	૧૬॥	૨૧×૧॥	=	૩૧॥	૩૧×૧॥	=	૪૬॥
૨	૧॥	૩	૧૨	૧॥	૧૮	૨૨	૧॥	૩૩	૩૨	૧॥	૪૮
૩	૧॥	૪॥	૧૩	૧॥	૧૯॥	૨૩	૧॥	૩૪॥	૩૩	૧॥	૪૯॥
૪	૧॥	૬	૧૪	૧॥	૨૧	૨૪	૧॥	૩૬	૩૪	૧॥	૫૧
૫	૧॥	૭॥	૧૫	૧॥	૨૨॥	૨૫	૧॥	૩૭॥	૩૫	૧॥	૫૨॥
૬	૧॥	૯	૧૬	૧॥	૨૪	૨૬	૧॥	૩૯	૩૬	૧॥	૫૪
૭	૧॥	૧૦॥	૧૭	૧॥	૨૫॥	૨૭	૧॥	૪૦॥	૩૭	૧॥	૫૫॥
૮	૧॥	૧૨	૧૮	૧॥	૨૭	૨૮	૧॥	૪૨	૩૮	૧॥	૫૭
૯	૧॥	૧૩॥	૧૯	૧॥	૨૮॥	૨૯	૧॥	૪૩॥	૩૯	૧॥	૫૮॥
૧૦	૧॥	૧૫	૨૦	૧॥	૩૦	૩૦	૧॥	૪૫	૪૦	૧॥	૬૦

૪૧×૧॥	=	૬૧॥	૫૧×૧॥	=	૭૬॥	૬૧×૧॥	=	૯૧॥
૪૨	૧॥	૬૩	૫૨	૧॥	૭૮	૬૨	૧॥	૯૩
૪૩	૧॥	૬૪॥	૫૩	૧॥	૭૯॥	૬૩	૧॥	૯૪॥
૪૪	૧॥	૬૬	૫૪	૧॥	૮૧	૬૪	૧॥	૯૬
૪૫	૧॥	૬૭॥	૫૫	૧॥	૮૨॥	૬૫	૧॥	૯૭॥
૪૬	૧॥	૬૯	૫૬	૧॥	૮૪	૬૬	૧॥	૯૯
૪૭	૧॥	૭૦॥	૫૭	૧॥	૮૫॥	૬૭	૧॥	૧૦૦॥
૪૮	૧॥	૭૨	૫૮	૧॥	૮૭	૬૮	૧॥	૧૦૨
૪૯	૧॥	૭૩॥	૫૯	૧॥	૮૮॥	૬૯	૧॥	૧૦૩॥
૫૦	૧॥	૭૫	૬૦	૧॥	૯૦	૭૦	૧॥	૧૦૫

૭૧×૧॥	=	૧૦૬॥	૮૧×૧॥	=	૧૨૧॥	૯૧×૧॥	=	૧૩૬॥
૭૨	૧॥	૧૦૮	૮૨	૧॥	૧૨૩	૯૨	૧॥	૧૩૮
૭૩	૧॥	૧૦૯॥	૮૩	૧॥	૧૨૪॥	૯૩	૧॥	૧૩૯॥
૭૪	૧॥	૧૧૧	૮૪	૧॥	૧૨૬	૯૪	૧॥	૧૪૧
૭૫	૧॥	૧૧૨॥	૮૫	૧॥	૧૨૭॥	૯૫	૧॥	૧૪૨॥
૭૬	૧॥	૧૧૪	૮૬	૧॥	૧૨૯	૯૬	૧॥	૧૪૪
૭૭	૧॥	૧૧૫॥	૮૭	૧॥	૧૩૦॥	૯૭	૧॥	૧૪૫॥
૭૮	૧॥	૧૧૭	૮૮	૧॥	૧૩૨	૯૮	૧॥	૧૪૭
૭૯	૧॥	૧૧૮॥	૮૯	૧॥	૧૩૩॥	૯૯	૧॥	૧૪૮॥
૮૦	૧॥	૧૨૦	૯૦	૧॥	૧૩૫	૧૦૦	૧॥	૧૫૦

અઢીઆં.

૧×રાા = રાા	૧૧×રાા=૨૭ાા	૨૧×રાા=૫૨ાા	૩૧×રાા=૭૭ાા
૨ રાા ૫	૧૨ રાા ૩૦	૨૨ રાા ૫૫	૩૨ રાા ૮૦
૩ રાા ૭ાા	૧૩ રાા ૩૨ાા	૨૩ રાા ૫૭ાા	૩૩ રાા ૮૨ાા
૪ રાા ૧૦	૧૪ રાા ૩૫	૨૪ રાા ૬૦	૩૪ રાા ૮૫
૫ રાા ૧૨ાા	૧૫ રાા ૩૭ાા	૨૫ રાા ૬૨ાા	૩૫ રાા ૮૭ાા
૬ રાા ૧૫	૧૬ રાા ૪૦	૨૬ રાા ૬૫	૩૬ રાા ૯૦
૭ રાા ૧૭ાા	૧૭ રાા ૪૨ાા	૨૭ રાા ૬૭ાા	૩૭ રાા ૯૨ાા
૮ રાા ૨૦	૧૮ રાા ૪૫	૨૮ રાા ૭૦	૩૮ રાા ૯૫
૯ રાા ૨૨ાા	૧૯ રાા ૪૭ાા	૨૯ રાા ૭૨ાા	૩૯ રાા ૯૭ાા
૧૦ રાા ૨૫	૨૦ રાા ૫૦	૩૦ રાા ૭૫	૪૦ રાા ૧૦૦

૪૧×રાા=૧૦૨ાા	૫૧×રાા=૧૨૭ાા	૬૧×રાા=૧૫૨ાા
૪૨ રાા ૧૦૫	૫૨ રાા ૧૩૦	૬૨ રાા ૧૫૫
૪૩ રાા ૧૦૭ાા	૫૩ રાા ૧૩૨ાા	૬૩ રાા ૧૫૭ાા
૪૪ રાા ૧૧૦	૫૪ રાા ૧૩૫	૬૪ રાા ૧૬૦
૪૫ રાા ૧૧૨ાા	૫૫ રાા ૧૩૭ાા	૬૫ રાા ૧૬૨ાા
૪૬ રાા ૧૧૫	૫૬ રાા ૧૪૦	૬૬ રાા ૧૬૫
૪૭ રાા ૧૧૭ાા	૫૭ રાા ૧૪૨ાા	૬૭ રાા ૧૬૭ાા
૪૮ રાા ૧૨૦	૫૮ રાા ૧૪૫	૬૮ રાા ૧૭૦
૪૯ રાા ૧૨૨ાા	૫૯ રાા ૧૪૭ાા	૬૯ રાા ૧૭૨ાા
૫૦ રાા ૧૨૫	૬૦ રાા ૧૫૦	૭૦ રાા ૧૭૫
૭૧×રાા=૧૭૭ાા	૮૧×રાા=૨૦૨ાા	૯૧×રાા=૨૨૭ાા
૭૨ રાા ૧૮૦	૮૨ રાા ૨૦૫	૯૨ રાા ૨૩૦
૭૩ રાા ૧૮૨ાા	૮૩ રાા ૨૦૭ાા	૯૩ રાા ૨૩૨ાા
૭૪ રાા ૧૮૫	૮૪ રાા ૨૧૦	૯૪ રાા ૨૩૫
૭૫ રાા ૧૮૭ાા	૮૫ રાા ૨૧૨ાા	૯૫ રાા ૨૩૭ાા
૭૬ રાા ૧૯૦	૮૬ રાા ૨૧૫	૯૬ રાા ૨૪૦
૭૭ રાા ૧૯૨ાા	૮૭ રાા ૨૧૭ાા	૯૭ રાા ૨૪૨ાા
૭૮ રાા ૧૯૫	૮૮ રાા ૨૨૦	૯૮ રાા ૨૪૫
૭૯ રાા ૧૯૭ાા	૮૯ રાા ૨૨૨ાા	૯૯ રાા ૨૪૭ાા
૮૦ રાા ૨૦૦	૯૦ રાા ૨૨૫	૧૦૦ રાા ૨૫૦

ચોકની પલાખી તથા પાયાની ચચ્ચારની પલાખા

૧	૧॥	૧॥	૧૦૦	૧॥	૧૫૦	૧	૨॥	૨॥	૧૦૦	૨॥	૨૫૦
૨	૧॥	૩	૨૦૦	૧॥	૩૦૦	૨	૨॥	૫	૨૦૦	૨॥	૫૦૦
૩	૧॥	૪॥	૩૦૦	૧॥	૪૫૦	૩	૨॥	૭॥	૩૦૦	૨॥	૭૫૦
૪	૧॥	૬	૪૦૦	૧॥	૬૦૦	૪	૨॥	૧૦	૪૦૦	૨॥	૧૦૦૦
૫	૧॥	૭॥	૫૦૦	૧॥	૭૫૦	૫	૨॥	૧૨॥	૫૦૦	૨॥	૧૨૫૦
૬	૧॥	૯	૬૦૦	૧॥	૯૦૦	૬	૨॥	૧૫	૬૦૦	૨॥	૧૫૦૦
૭	૧॥	૧૦॥	૭૦૦	૧॥	૧૦૫૦	૭	૨॥	૧૭॥	૭૦૦	૨॥	૧૭૫૦
૮	૧॥	૧૨	૮૦૦	૧॥	૧૨૦૦	૮	૨॥	૨૦	૮૦૦	૨॥	૨૦૦૦
૯	૧॥	૧૩॥	૯૦૦	૧॥	૧૩૫૦	૯	૨॥	૨૨॥	૯૦૦	૨॥	૨૨૫૦
૧૦	૧॥	૧૫	૧૦૦૦	૧॥	૧૫૦૦	૧૦	૨॥	૨૫	૧૦૦૦	૨॥	૨૫૦૦

૧×	૪=	૪	૪×	૦।=	૧	૧૧×	૪=	૪૪	૪૪×	૦।=	૧૧
૨	૪	૮	૮	૦।	૨	૧૨	૪	૪૮	૪૮	૦।	૧૨
૩	૪	૧૨	૧૨	૦।	૩	૧૩	૪	૫૨	૫૨	૦।	૧૩
૪	૪	૧૬	૧૬	૦।	૪	૧૪	૪	૫૬	૫૬	૦।	૧૪
૫	૪	૨૦	૨૦	૦।	૫	૧૫	૪	૬૦	૬૦	૦।	૧૫
૬	૪	૨૪	૨૪	૦।	૬	૧૬	૪	૬૪	૬૪	૦।	૧૬
૭	૪	૨૮	૨૮	૦।	૭	૧૭	૪	૬૮	૬૮	૦।	૧૭
૮	૪	૩૨	૩૨	૦।	૮	૧૮	૪	૭૨	૭૨	૦।	૧૮
૯	૪	૩૬	૩૬	૦।	૯	૧૯	૪	૭૬	૭૬	૦।	૧૯
૧૦	૪	૪૦	૪૦	૦।	૧૦	૨૦	૪	૮૦	૮૦	૦।	૨૦

૨૧×	૪=	૮૪	૮૪×	૦।=	૨૧	૩× ૮=૨૪	૬×૧૦ =૬૦
૨૨	૪	૮૮	૮૮	૦।	૨૨	૪× ૬=૨૪	૧૦×૬ =૬૦
૨૩	૪	૯૨	૯૨	૦।	૨૩	૬× ૪=૨૪	૧૨×૫ =૬૦
૨૪	૪	૯૬	૯૬	૦।	૨૪	૮× ૩=૨૪	૧૫×૪ =૬૦
૨૫	૪	૧૦૦	૧૦૦	૦।	૨૫	૧૨× ૨=૨૪	૨૦×૩ =૬૦
						૨૪× ૧=૨૪	૩૦×૨ =૬૦
						૩૨×૦॥।=૨૪	૪૦×૧॥ =૬૦
						૪૮×૦॥ =૨૪	૪૮×૧। =૬૦
						૯૬×૦। =૨૪	૨૪×૨॥ =૬૦
						૧૬×૧॥ =૨૪	૮૦×૦॥।=૬૦

સૂચના-પલાખાનો મહાવરો પાકો કરાવવા તેમજ કોઠાનો અરસપરસ સંબંધ જણાવવા ૨૪ કેટની રીતે થાય ? તેવા પ્રશ્નો પૂછવા જેમકે

પાયા.

૧×૦।	=	૦।	૧૧×૦।	=	૨।।।	૨૧×૦।	=	૫।	૩૧×૦।	=	૭।।।
૨	૦।	૦।।	૧૨	૦।	૩	૨૨	૦।	૫।।	૩૨	૦।	૮
૩	૦।	૦।।।	૧૩	૦।	૩।	૨૩	૦।	૫।।।	૩૩	૦।	૮।
૪	૦।	૧	૧૪	૦।	૩।।	૨૪	૦।	૬	૩૪	૦।	૮।।
૫	૦।	૧।	૧૫	૦।	૩।।।	૨૫	૦।	૬।	૩૫	૦।	૮।।।
૬	૦।	૧।।	૧૬	૦।	૪	૨૬	૦।	૬।।	૩૬	૦।	૯
૭	૦।	૧।।।	૧૭	૦।	૪।	૨૭	૦।	૬।।।	૩૭	૦।	૯।
૮	૦।	૨	૧૮	૦।	૪।।	૨૮	૦।	૭	૩૮	૦।	૯।।
૯	૦।	૨।	૧૯	૦।	૪।।।	૨૯	૦।	૭।	૩૯	૦।	૯।।।
૧૦	૦।	૨।।	૨૦	૦।	૫	૩૦	૦।	૭।।	૪૦	૦।	૧૦

૪૧×૦।	=	૧૦।	૫૧×૦।	=	૧૨।।।	૬૧×૦।	=	૧૫।	૭૧×૦।	=	૧૭।।।
૪૨	૦।	૧૦।।	૫૨	૦।	૧૩	૬૨	૦।	૧૫।।	૭૨	૦।	૧૮
૪૩	૦।	૧૦।।।	૫૩	૦।	૧૩।	૬૩	૦।	૧૫।।।	૭૩	૦।	૧૮।
૪૪	૦।	૧૧	૫૪	૦।	૧૩।।	૬૪	૦।	૧૬	૭૪	૦।	૧૮।।
૪૫	૦।	૧૧।	૫૫	૦।	૧૩।।।	૬૫	૦।	૧૬।	૭૫	૦।	૧૮।।।
૪૬	૦।	૧૧।।	૫૬	૦।	૧૪	૬૬	૦।	૧૬।।	૭૬	૦।	૧૯
૪૭	૦।	૧૧।।।	૫૭	૦।	૧૪।	૬૭	૦।	૧૬।।।	૭૭	૦।	૧૯।
૪૮	૦।	૧૨	૫૮	૦।	૧૪।।	૬૮	૦।	૧૭	૭૮	૦।	૧૯।।
૪૯	૦।	૧૨।	૫૯	૦।	૧૪।।।	૬૯	૦।	૧૭।	૭૯	૦।	૧૯।।।
૫૦	૦।	૧૨।।	૬૦	૦।	૧૫	૭૦	૦।	૧૭।।	૮૦	૦।	૨૦

૮૧×૦।	=	૨૦।	૯૧×૦।	=	૨૨।।।	૧૦૦×૦।	=	૨૫
૮૨	૦।	૨૦।।	૯૨	૦।	૨૩	૨૦૦	૦।	૫૦
૮૩	૦।	૨૦।।।	૯૩	૦।	૨૩।	૩૦૦	૦।	૭૫
૮૪	૦।	૨૧	૯૪	૦।	૨૩।।	૪૦૦	૦।	૧૦૦
૮૫	૦।	૨૧।	૯૫	૦।	૨૩।।।	૫૦૦	૦।	૧૨૫
૮૬	૦।	૨૧।।	૯૬	૦।	૨૪	૬૦૦	૦।	૧૫૦
૮૭	૦।	૨૧।।।	૯૭	૦।	૨૪।	૭૦૦	૦।	૧૭૫
૮૮	૦।	૨૨	૯૮	૦।	૨૪।।	૮૦૦	૦।	૨૦૦
૮૯	૦।	૨૨।	૯૯	૦।	૨૪।।।	૯૦૦	૦।	૨૨૫
૯૦	૦।	૨૨।।	૧૦૦	૦।	૨૫	૧૦૦૦	૦।	૨૫૦

બે છોકરાઓને સામસામા બોલવાના અર્ધા તથા પાયા.

૧×૦॥=		૦॥	૨×૦।=		૦॥	૧૧×૦॥=		૫॥	૨૨×૦।=		૫॥
૨	૦॥	૧	૪	૦।	૧	૧૨	૦॥	૬	૨૪	૦।	૬
૩	૦॥	૧॥	૬	૦।	૧॥	૧૩	૦॥	૬॥	૨૬	૦।	૬॥
૪	૦॥	૨	૮	૦।	૨	૧૪	૦॥	૭	૨૮	૦।	૭
૫	૦॥	૨॥	૧૦	૦।	૨॥	૧૫	૦॥	૭॥	૩૦	૦।	૭॥
૬	૦॥	૩	૧૨	૦।	૩	૧૬	૦॥	૮	૩૨	૦।	૮
૭	૦॥	૩॥	૧૪	૦।	૩॥	૧૭	૦॥	૮॥	૩૪	૦।	૮॥
૮	૦॥	૪	૧૬	૦।	૪	૧૮	૦॥	૯	૩૬	૦।	૯
૯	૦॥	૪॥	૧૮	૦।	૪॥	૧૯	૦॥	૯॥	૩૮	૦।	૯॥
૧૦	૦॥	૫	૨૦	૦।	૫	૨૦	૦॥	૧૦	૪૦	૦।	૧૦
૨૧×૦॥=		૧૦॥	૪૨×૦।=		૧૦॥	૩૧×૦॥=		૧૫॥	૬૨=૦।=		૧૫॥
૨૨	૦॥	૧૧	૪૪	૦।	૧૧	૩૨	૦॥	૧૬	૬૪	૦।	૧૬
૨૩	૦॥	૧૧॥	૪૬	૦।	૧૧॥	૩૩	૦॥	૧૬॥	૬૬	૦।	૧૬॥
૨૪	૦॥	૧૨	૪૮	૦।	૧૨	૩૪	૦॥	૧૭	૬૮	૦।	૧૭
૨૫	૦॥	૧૨॥	૫૦	૦।	૧૨॥	૩૫	૦॥	૧૭॥	૭૦	૦।	૧૭॥
૨૬	૦॥	૧૩	૫૨	૦।	૧૩	૩૬	૦॥	૧૮	૭૨	૦।	૧૮
૨૭	૦॥	૧૩॥	૫૪	૦।	૧૩॥	૩૭	૦॥	૧૮॥	૭૪	૦।	૧૮॥
૨૮	૦॥	૧૪	૫૬	૦।	૧૪	૩૮	૦॥	૧૯	૭૬	૦।	૧૯
૨૯	૦॥	૧૪॥	૫૮	૦।	૧૪॥	૩૯	૦॥	૧૯॥	૭૮	૦।	૧૯॥
૩૦	૦॥	૧૫	૬૦	૦।	૧૫	૪૦	૦॥		૮૦	૦।	૨૦
૪૧×૦॥=		૨૦॥	૮૨×૦।=		૨૦॥	૧૦૦×૦॥=		૫૦	૨૦૦	૦।	૫૦
૪૨	૦॥	૨૧	૮૪	૦।	૨૧	૨૦૦	૦॥	૧૦૦	૪૦૦	૦।	૧૦૦
૪૩	૦॥	૨૧॥	૮૬	૦।	૨૧॥	૩૦૦	૦॥	૧૫૦	૬૦૦	૦।	૧૫૦
૪૪	૦॥	૨૨	૮૮	૦।	૨૨	૪૦૦	૦॥	૨૦૦	૮૦૦	૦।	૨૦૦
૪૫	૦॥	૨૨॥	૯૦	૦।	૨૨॥	૫૦૦	૦॥	૨૫૦	૧૦૦૦	૦।	૨૫૦
૪૬	૦॥	૨૩	૯૨	૦।	૨૩						
૪૭	૦॥	૨૩॥	૯૪	૦।	૨૩॥						
૪૮	૦॥	૨૪	૯૬	૦।	૨૪						
૪૯	૦॥	૨૪॥	૯૮	૦।	૨૪॥						
૫૦	૦॥	૨૫	૧૦૦	૦।	૨૫						

આ મુજબ બોલાવવાથી છોકરાને આંક બોલવામા રસ પડશે, એટલુંજ નહિ પણ તેમને આંકનો સંબંધ પણ બરાબર સમજાશે.

*ચલણી નાણાંની ધાત.

૧।।	પાઇ	=	૧ અધેલો
૨	અધેલા	=	૧ પૈસો
૨	પૈસા	=	૧ ઢબુ
૨	ઢબુ	=	૧ આનો
૮	અધેલા	=	૧ આનો
૨	આના	=	૧ બે આની
૪	આના	=	૧ પાવલી.
૮	આના	=	૧ અડધો
૧૬	આના	=	૧ રૂપીઓ.

૧	આનાની	=	૧૨ પાઇ
૦।।।	આનાની	=	૯ પાઇ
૦।।	આનાની	=	૬ પાઇ
૦।	આનાની	=	૩ પાઇ

૪	આનાનો	=	રૂ ૦।
૮	આનાનો	=	રૂ ૦।।
૧૨	આનાનો	=	રૂ ૦।।।
૧૬	આનાનો	=	રૂ ૧

૧	રૂપીઆના	=	૧૬ આના
૦।।।	રૂપીઆના	=	૧૨ આના
૦।।	રૂપીઆના	=	૮ આના
૦।	રૂપીઆના	=	૪ આના

૧	રૂપીઆના	=	૬૪ પૈસા
૦।।।	રૂપીઆના	=	૪૮ પૈસા
૦।।	રૂપીઆના	=	૩૨ પૈસા
૦।	રૂપીઆના	=	૧૬ પૈસા
૦)=	રૂપીઆના	=	૮ પૈસા
૦)-	રૂપીઆના	=	૪ પૈસા

૧	પૈસાનો	=	રૂ ૦)૦।
૨	પૈસાનો	=	રૂ ૦)૦।।
૩	પૈસાનો	=	રૂ ૦)૦।।।
૪	પૈસાનો	=	રૂ ૦)-
૫	પૈસાનો	=	રૂ. ૦)-।
૬	પૈસાનો	=	રૂ ૦)-।।
૭	પૈસાનો	=	રૂ ૦)-।।।
૮	પૈસાના	=	રૂ ૦)=
૧૨	પૈસાના	=	રૂ ૦)≡
૧૬	પૈસાના	=	રૂ ૦।
૨૦	પૈસાના	=	રૂ ૦।-
૨૪	પૈસાના	=	રૂ ૦।=

* આ ધાત શીખવતી વખતે વર્ગમાંના એક છોકરાને નાણાવટી બનાવી બીજા છોકરાઓ સાથે નાણાની આપ લે કરાવવી

૨૮ પૈસાના=રૂ. ૦ા≈
૩૨ પૈસાના=રૂ. ૦ાા
૪૮ પૈસાના=રૂ ૦ાાા
૬૪ પૈસાના=રૂ. ૧

---

૧૬ આનાનો= ૧ રૂપીઓ
૩૨ આનાના= ૨ રૂપીઆ
૪૮ આનાના= ૩ રૂપીઆ
૬૪ આનાના= ૪ રૂપીઆ
૮૦ આનાના= ૫ રૂપીઆ
૯૬ આનાના= ૬ રૂપીઆ
૧૧૨ આનાના= ૭ રૂપીઆ
૧૨૮ આનાના= ૮ રૂપીઆ
૧૪૪ આનાના= ૯ રૂપીઆ
૧૬૦ આનાના=૧૦ રૂપીઆ

૧૬×૧ના આક ઉપરથી આ ધાત શીખવવી.

એકાથી દાનનો ઉપ યોગ.

૧) નવુનો કોઠો બોલો
૨) આઠુનો કોઠા અવળો બોલી જાઓ
૩) ૯ વાર ૭ લખોટા લઇએ તો કેટલા થાય?
૪) ૮×૫, ૭×૭, ૩×૯, ૯×૩, ૮×૫, ૭×૬, ૬×૭ કેટલા?
૫) ૧૧૭, ૧૩૯, ૧૦૭, ૬૩, ૧૩૬, ૧૫૪, ૭૯ અને ૧૭૯ મા શતક, દશક, અને એકમ કેટલા?
૬) ૨૪ રૂપીઆમાથી ત્રણ ત્રણ, ચાર ચાર, છ છ અને આઠ આઠ રૂપીઆવાળી કેટલા ટોપી આવે?
૭) એક શતક ને એક એકમ, બેદશક ને નવ એકમ, એક શતક, સાત દશક ને ત્રણ એકમના એકમ કેટલા?
૮) ૧૭૩, ૩૭, ૪૯, ૧૪૯, ૭૯, ૮૯, ૯૫, ૧૦૫ અને ૧૯૫મા દશક કેટલા તે કહો.
૯) ૬૩મા સાત કેટલીવાર અને ૯ કેટલીવાર?
૧૦) ૩૨ રૂપીઆમાથી ચાર ચાર રૂપીઆવાળી કેટલી ટોપીઓ આવે? અને આઠ આઠ રૂપીઆવાળી કેટલી આવે?

૧૧) એક માણુસ રોજના ૮ ગાઉ ચાલે તો ૭ દિવસમાં કેટલા ગાઉ ચાલે? ૪૦ ગાઉ જવાને કેટલા દિવસ લાગે?

૧૨) હુ દરરોજ ત્રણ લીટી લખુ તો ૨૪ લીટી લખવાને કેટલા દિવસ લાગશે? ૬ દિવસમા કેટલી લીટી લખીશ?

૧૩) ૪૫+૫, ૫૬+૮, ૪૯+૭, ૬૩+૯, ૪૨+૬ કેટલા?

૧૪) ૬૦−૧૦, ૪૮−૮, ૪૨−૭ ૫૪−૯, ૩૫−૫ કેટલા?

૧૫) ૭૨+૯, ૬૩+૫, ૪૫+૫, ૫૪+૬, ૩૫+૭ કેટલા?

૧૬) ૭૨−૮, ૬૩−૭, ૪૫−૫, ૫૪−૬, ૩૫−૭ કેટલા?

૧૭) નવુ, સાતુ, છક અને ચોકના કોઠાના જવાબ બોલો.

૧૮) ૯૦ માથી ૯ જાય તો ૮૧, ૮૧ માથી ૯ જાય તો ૭૨ એમ શૂન્ય રહે ત્યાથી સુધી બોલો.

૧૯) ૬ માણુસના પગ વધારે કે ૪ ગાયના?

૨૦) ૧ પેનશીલના ૨ પૈસા તો ૯ પેનશીલનુ શું?

૨૧) ૨૭ પૈસામાંથી ૩ પૈસાવાળી કેટલી ચોપડી આવે?

૨૨) ૧૮મા ૨, ૩૬માં ૯, ૨૭માં ૩, ૨૪માં ૬ કેટલાવાર છે?

૨૩) ત્રણ આકડાની નાનામા નાની સંખ્યા કહો.

પરચુરણ પ્રશ્નો.

૧) ૭ અઠવાડીઆના દિવસ કેટલા?

૨) ૧૦૦ કોડીમાંથી ત્રણ ત્રણ કોડી લેતા જાઓ અને બાકી કેટલી રહે તે કહેતા જાઓ.

૩) બે આંકડાની મોટામા મોટી સખ્યાગાથી બે આંકડાની નાનામા નાની સખ્યા બાદ કરો.

૪) ૫૦મા ૨,૩,૪,૫,૬,૭,૮ અને ૯ ઉમેરીએ તો અનુક્રમે કેટલા થાય?

૫) ૪૯માથી ૧,૨,૩,૪,૫,૬,૭,૮ અને ૯ બાદ કરીએ તો અનુક્રમે કેટલા રહે ?

૬) ૭૦ માંથી સાત સાત લેતા જાઓ અને બાકી શું રહે તે કહેતા જાઓ

૭) ૭૨ લીટી લખવાની હતી તેમાં ૬૪ લખી તો બાકી કેટલી રહી?

૮) દરેકને ૯ પૈસા આપું તો ૬૪ પૈસામાથી કેટલાને અપાશે અને બાકી કેટલા પૈસા રહેશે ?

૯) દરેક છોકરો ૫ પૈસા ફી આપે છે ફીના મારી પાસે ૩૫ પૈસા આવ્યા ત્યારે કેટલા છોકરાની ફી આવી હશે?

૧૦) ૫ કેરી ૯ વખત લેવાને બદલે ૯ કેરી કેટલી વખત લેવી?

૧૧) ૫૪ ટીકડી હતો તેમાંથી દરેક છોકરાને ૭ ૭ આપતા કંઈ વધી નહિ ત્યારે છોકરા કેટલા હશે ?

૧૨) ૩+૫+૭+૪+૧ કેટલા ?

૧૩) ૧૫ છોકરામાંથી ૭ છોકરા ફી લાવ્યા છે ત્યારે કેટલા નથી લાવ્યા ?

૧૪) ૨૧ છોકરા હાજર છે ૯ ગેરહાજર છે ત્યારે ક્લાસમા કુલ કેટલા છોકરા હશે ?

૧૫) મારી પાસે ૧૫ પેનો છે બીજી કેટલી મળે તો ૨૪ પેન થાય?

૧૬) એક ઘરમા ૫ મરદ ૩ બાઈડીઓ, બે છોકરીઓ, અને ૭ છોકરા છે ત્યારે તે ઘરમાં કેટલા માણસો હશે ?

૧૭) એક શેરીમાં ૯૯ માણસ રહેતા હતા તેમાથી ૨૫ માણસો બહાર ગામ ગયા ત્યારે શેરીમા કેટલા માણસો બાકી રહ્યા હશે ?

૧૮) ૭૫ કેરી હતી તેમાથી ૮ બગડી ગઇ તો સારી કેટલી રહી?

૧૯) ૭ માણસના હાથ કેટલા ? પગ કેટલા ? આખ કેટલી ?

૨૦) ૪ ભેસના આચળ કેટલાં ? શીગડા કેટલાં ?

૨૧) ૧ પૈસાના ૪ શેર વેગણુ મળે તો ૯ પૈસાના કેટલા આવે?

૨૨) ૪ કેરીનુ વજન ૧ શેર થાય છે ત્યારે ૩૨ કેરીનું વજન કેટલું થશે ?

૨૩) એક છોકરાને ૫ પતાસાં આપીએ તો ૫૦ પતાસાં કેટલા છોકરાને આપી શકાશે ?

૨૪) ૭ પાટલી છે છોકરા ૩૫ છે તો એક પાટલી પર કેટલા છોકરા બેસાડવા ?

૨૫) એક બ્રાહ્મણુ ૩ લાડુ ખાય છે મારી પાસે ૨૪ લાડુ છે કેટલા બ્રાહ્મણ જમાડાશે ?

૨૬) એક ભિખારીને ૬ પાઇ આપું તો ૯ ભિખારીને આપવાને કેટલી પાઇઓ જોઇએ ?

૨૭) મારી પાસે ૧૩ કેરી છે મારા ભાઇ પાસે ૯ છે હું કેટલી કેરી મારા ભાઇને આપું તો બને પાસે સરખી થાય?

૨૮) એક ટોપલામાં ૨૪ કેરી છે બીજામાં ૩૨ છે ત્યારે બીજા ટોપલામા કેટલી વધારે છે ?

૨૯) પાકીટમા ૭ ચોપડીમાંઓ છે તેમાથી ૩ ચોપડી કાઢી ને પાંચ ચોપડી નાખી તો પાકીટમા કેટલી ચોપડીઓ થઇ?

૩૦) મારી પાસે ૨૭ કોડી છે મગન પાસે ૩૨ છે તો મગન કને મારા કરતાં કેટલી વધારે હશે ?

૩૧) એક શેઠને ત્યાં ૯ નોકરો છે દરેક ચાકરને ૬ રૂપીઆ ઈનામ આપે તો શેઠને કેટલા રૂપીઆ ખર્ચ થાય ?

૩૨) લખોટાયત્રની એક હારમા ૯ લખોટા છે તો એવી ૮ હારના મળીને કેટલા લખોટા થાય ?

૩૩) ૮૨ માંથી ૭ બાદ કરીએ અને જે આવે તેમા ૫ ઉમેરીએ તો કેટલા થાય ?

૩૪) ૬૨માથી ૭ બાદ કરો ને બાકી રહે તેમા ૯ ઉમેરો

૩૫) મહોલ્લામા ૭૫ માણસ રહે છે તેમા ૨૫ ભાયડા અને ૨૧ બાયડીઓ છે તો છોકરા કેટલા હશે ?

૩૬) મારી પાસે ૩૫ બોર છે તે અમે પાચ ભાઇઓ સરખા વહેચી લઇએ તો દરેકને કેટલા આવે ?

૩૭) એક બકરીના ૪ રૂપીઆ બેસે તો ૩૭ રૂપીઆમાથી કેટલી બકરી આવે અને કેટલા રૂપીઆ વધે.

૩૮) ૭૫ રૂપીઆ ધર્માદા કર્યા તોપણુ મારી પાસે ૨૪ રૂપીઆ હ્યા ત્યારે પ્રથમ કેટલા રૂપીઆ હશે ?

૩૯) ૪૫ કોડીમા કેટલી કોડી ઉમેરૂ તો ૫૪ થાય ?

૪૦) આઠુ, પાચુ, નવુ અને દાન અવળા લખી લાવો

૪૧) મારી પાસે કોડી અને ચિચોડા મળી ૬૩ છે કોડી ૫૬ છે તો ચિચોડા કેટલા હશે ?

૪૨) ૭૨મા ૮ કેટલી વાર છે ? નવ કેટલી વાર છે ?

૪૩) કેટલા પચા ૪૦ ? કેટલા ચોક ૪૦ ? કેટલા અઠા ૪૦ ? કેટલા દાન ૪૦ ?

૪૪) એકાથી દાન સુધીમા કયા કયા આંકમા ૪૦ આવે ?

૪૫) ૭૨મા ૮ કેટલીવાર છે ? ૯ કેટલાવાર લઉ તો ૭૨ થાય?

૪૬) ૩ વાર ચાર લઉ તો કેટલા થાય ?

૪૭) ૧૨ કોડીમાંથી બબ્બેની, ત્રણ ત્રણ, ચાર ચારની અને ૭ ૭ની કેટલી ઢગલીઓ થશે ?

૪૮) ૪૨માથી ૬ જાય તો કેટલા રહે ? ૪૨માથી ૩૬ જાય તો કેટલા રહે? પાચુના કોઠાના જવાબ લખી લાવો

૪૯) ૫ ને ૫ દશ, દશ ને પાચ પદર એમ પચાસ સુધી પાચ પાચ ઉમેરો.

૧૧×૧=થી ૨૦×૧૦ સુધીના આંકનો ઉપયોગ.

મનોયત્ન ૧ લો.

૧) ૯૬ મા ૬ કેટનીવાર અને ૮ કેટલી વાર?

૨) એક ખુરસીના ત્રણ રૂપીઆ પડે તો ૧૯ ખુરસીનું શું બેસશે?

૩) ૯૧ રૂપીઆમાથી તેર તેર રૂપીઆવાળી કેટલી ચોપડી મળે?

૪) એક કોથળીમા ૧૯) રૂપીઆ છે તો એવી ૯ કોથળીમાં મળીને કેટલા રૂપીઆ હશે?

૫) દરેક છોકરાને ૮, ૮ પતાસા આપીએ તો ૧૩ છોકરાને આપવાને કેટલાં પતાસા જોઇએ?

૬) ૧૫, ૧૯, ૧૮, ૧૭, ૧૩ અને ૧૪ ને સાતે ગુણીએ તો શુ આવે?

૭) બારોતેરસો, પાચોતેરસો, આડોતેરસો અને સતરોતેરસો કેમ લખાય?

૮) ૧૦૨, ૧૦૫, ૧૦૮, ૧૧૦, ૧૨૮, ૧૩૩. ૧૧૭, ૧૧૨ અને ૧૮૦ એ આકમા કેમ બોલાય?

૯) ૯૫ બોરમાથી દરેકને પાચ પાંચ બોર આપું તો કેટલા છોકરાને અપાય?

૧૦ કેટલા ચોક ૫૨? કેટલા પચા ૬૦? કેટના ચોક સાઠ?

૧૧) ૨૦ ત્રણવાર લઇએ તો કેટલા થાય? ૧૬×૧=થી ૧૬×૨૦=સુધીના જવાબ બોલો,

૧૨) ૯૫માં ૧૯ ઉમેરીએ તો કેટલા થાય? ૧૩૩માંથી ૧૯ જાય તો કેટલા રહે?

૧૩) કયા કયા આંકમાં ૭૨ આવે?

૧૪) ૧૧×૧=થી૨૦×૧૯=સુધીમાં નવની પલાખીના જવાબ બોલો.

૧૫) ૧૯×૫, ૧૩×૭, ૧૪×૮, ૧૫×૯, ૧૮×૭, ૧૮×૮ કેટલા?

૧૬) ૧૩ પાંચવાર, ૧૭ આઠવાર, ૧૯ નવવાર અને ૧૫ પાંચવાર તે કેટલા ?

૧૭) ૧૯, ૧૫ ૧૭, ૧૩, ૯, ૧૨, ૧૬, ૧૮ અને ૧૪ સાત વખત લઇએ તો કેટલા થાય ?

૧૮) ૧૯×૭, ૧૫×૭, ૧૭×૭, ૧૩×૭ ૯×૭, ૧૨×૭, ૧૬×૭, ૧૮×૭, કેટલા ?

૧૯) ૧૪૪મા ૮, ૯, ૧૬ અને ૧૮ કેટલીવાર છે ?

૨૦) ૧૪૪ જે જે પલાખામાં આવતા હોય તે કહો

૨૧) ઓગણીઆ, પંદરા, તેરા, સત્તરા અને બારા સવળા તથા અવળા બોલો.

૨૨) કેટલા ચોક ૬૪, ૬૮, ૫૬, ૭૬, ૮૦, ૭૨અને ૬૦ થાય ?

૨૩) ૧૮૦માથી કઇ ન વધે ત્યા સુધી અઢાર અઢાર લેતા જાઓ અને બાકી શુ રહે છે તે કહેતા જાઓ.

૨૪) ૭૬+૧૯,૭૨+૧૮,૧૦૫+૧૫, ૧૧૭+૧૩,૮૪+૧૨ કેટલા?

૨૫) ૭૭+૧૧, ૯૬+૧૬ ૯૬+૧૨, ૮૪+૧૪, ૮૦+૨૦ કેટલા?

૨૬) ૧૧+૮૮, ૧૨+૯૬, ૧૩+૬૫, ૧૪+૯૮, ૧૫+૭૫ કેટલા?

૨૭) ૧૭+૧૩૬, ૧૮+૧૪૪, ૧૯+૧૧૪, ૨૦+૧૪૦ કેટલા ?

૨૮) ૯૫-૧૯,૯૦-૧૮,૧૨૦-૧૫,૧૪૦-૧૪, ૯૬-૧૨ કેટલા?

૨૯) ૮૮-૧૧,૧૧૨-૧૬,૧૦૮-૧૨,૯૮-૧૪,૧૦૦-૨૦ કેટલા?

૩૦) ૮ બેઆનાની દોઢ પાઇ કેટલી ?

૩૧) ૬ આનાની પાઇ વટાવી ૧૨ છોકરાને વહેચી આપી તો દરેકને કેટલી મળી હશે ?

૩૨) ૧, ૨, ૩, ૪ એમ દશ રૂપીઆ સુધીના આના કહો.

૩૩) કેટલા આના હોય તો ૯ રૂપીઆ આવે ?

૩૪) ૧૫૨ બોર વહેંચતાં દરેકને ૮ બોર આવ્યાં ત્યારે છોકરા કેટલા હશે ?

૩૫) ૧૮ છોકરાની ૭ હાર થવામા ૧૮ ખૂટે છે ત્યારે છોકરા કેટલા હશે ?

૩૬) ૧૫ છોકરાની ૮ હાર કરવાને બદલે ૧૨ છોકરાની કેટલી હાર કરવી ?

૩૭) ૮ જમરૂખનો એક આનો બેસે તો ૧ રૂપીઆમાં કેટલા જમરૂખ આવશે ?

૩૮) કેટલી બેઆનીઓ હોય તો ૧૭ રૂપીઆ મળે ?

૩૯) ૮ પાઇના ૧૩૬ બોર તો ૧ પાઇના કેટના ?

૪૦) આનાની ૪ લેખે ૧૮ આનાની કેરીઓ લીધી અને બીજી આનાની ૬ લેખે બે આનાની લીધી તો બધી મળી કેટલી કેરી થઇ ?

૪૧) પાવલાના ૯ લીબુ મળે તો ૪ રૂપીઆના કેટલા આવશે?

૨૧×૧=થી ૩૦×૧૦=સુધીનો ઉપયોગ

મનોયત્ન ૨ જો

૧) કયા આંકમા ૧૪૪ અને ૫૬ આવે ?

૨)૨૧×૧=થી ૩૦×૧૦=સુધીમા નવની પલાખો બોલો

૩) ૨૮ આનાના સવાકા, ઢબુ અને અધેલા કેટલા ?

૪) ૨૯×૫, ૨૩×૭, ૨૯×૯, ૨૯×૭, ૨૮×૬ કેટલા ?

૫) ૨૨૪, ૧૦૨, ૨૩૨, ૧૧૭, ૨૧૬, ૧૭૫, ૧૩૫, ૨૩૪, ૨૫૨, ૨૦૭, ૨૬૧ એ આંકમા કેવી રીતે બોલાય છે?

૬) છત્રીસાસો, બે બાવેના, બે સાતોતેર, બે ચોત્રીસા લખો.

૭) ૨૩ પાચવાર, ૨૭ સાતવાર, ૨૬ નવવાર અને ૨૪ છવાર તે કેટલા ?

૮) ૨૫, ૨૯, ૨૮, ૨૩, ૨૭, ૨૪ ને ત્રણે ગુણીએ તો શું આવે અને આઠે ગુણીએ તો શુ આવે ?

૯) ઓગણત્રીસા, પચીસા, અઠાવીસા, અને સત્તાવીસા સવળા તથા અવળા બોલો

૧૦) કેટલી વખત ૭ લઇએ તો ૧૬૮, ૧૬૨, ૧૫૬, ૧૩૨, ૧૭૪, ૧૩૮ અને ૧૨૬ થાય ?

૧૧) ૨૬૧ માથી કઇ ન વધે ત્યાં સુધી ઓગણત્રીસ બાદ કરો અને બાકી શુ વધે તે કહેતા જાઓ

૧૨) ૨૧×૧=થી ૩૦×૧૦=સુધીમાં ૩, ૫, ૭ અને ૮ની પલાખી બોલો

૧૩) ૧૪૫+૨૯, ૨૦૩+૨૫, ૨૦૭+૨૩, ૧૭૪+૨૯ કેટલા ?

૧૪) ૨૪૦+૩૦, ૨૭+૮૧, ૨૫+૧૭૫, ૨૯+૨૦૩, કેટલા ?

૧૫) ૨૦૦–૨૫, ૨૦૭–૨૩, ૧૭૧–૨૫, ૨૨૫–૨૫ કેટલા ?

૧૬) ૧૪૭–૨૧, ૧૮૯–૨૭, ૧૨૫–૨૫, ૧૩૮–૨૩ કેટલા ?

૧૭) ૨૫૨ ગજ માદરપાટમાથી નવ ગજના કેટલા ધોતીઆ થાય?

૧૮) એક કોટની સીવડામણી ૭ રૂપીઆ થાય તો ૨૦૪ રૂપીઆમા કેટલા કોટ સીવાય અને બાકી શુ વધે ?

૧૯) એક ટેબલના ૭ રૂપીઆ બેસેછે તો ૨૬ ટેબલનુ શું બેસશે?

૨૦) ૨૯ ગજનો એક એવા ૭ તાકા છે તો બધુ મળીને કેટલુ કપડુ હશે ?

૨૧) કેટલી વખત ૨૯ કેરી લઉં તો ૨૦૩ કેરી થાય ?

૨૨) ૩૦૦મા ૧૨ કેરી ઓછી છે ત્યારે કેટલી હશે?

